## કુ. અર્પિતા ત્રિપાઠી પી.એચડી. થયાં



જૂનાગઢ સ્થિત શ્રીમતી મિનાક્ષીબેન તથા શૈલેષ ત્રિપાઠીનાં પુત્રી કુ. અર્પિતા ત્રિપાઠીએ 'વિચ્છિન્નચિત્ત મનોવિકાર ધરાવતા દર્દીઓને સંભાળનારના ભારણ અને સાધક પ્રયુકિતઓનો અભ્યાસ' ઉપર સંશોધનાત્મક મહાનિબંધ રજૂ કરી સ. પ. યુનિવર્સિટી વિદ્યાનગર દ્વારા પી.એચડી.ની ઉપાધિ મેળવી. તેઓ સાત વર્ષથી માનસિક આરોગ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલાં છે. હાલ તેઓ જૂનાગઢ ખાતે સાયકોથેરાપી અને કાઉન્સેલીંગ કલીનીકમાં કાર્યરત છે. અને અનેક તાલીમ કેન્દ્રોમાં આ વિષયક લેકચર આપી રહયાં છે. અભિનંદન.

## કુ. આલોકી ત્રિવેદી કોમ્પ્યુટર પરીક્ષામાં સાતમા સ્થાને



જૂનાગઢ સ્થિત કુ. આલોકી ધ્રુવેન ત્રિવેદી સમગ્ર ભારતમાં 'સર્વ શિક્ષા અભિયાન' અંતર્ગત લેવાયેલ લિખીત તથા કોમ્પ્યુટર પરીક્ષામાં જૂનાગઢ જીલ્લામાં સાતમા ક્રમે ત્યાર બાદ સર્ટીફીકેટ ઓફ મેરીટસમાં જૂનાગઢ જીલ્લામાં ત્રીજાં સ્થાને ઉત્તીર્ણ થતાં બી.આર.પી. (બ્લોક રીસોર્સ પર્સન-સરકારી શાળાના શિક્ષકો તથા હેડમાસ્તરોને તાલીમ આપવાનું કાર્ય) તરીકે વંથલી ખાતે નિમણુંક મેળવી. અભિનંદન-શુભકામના.

## 'વાંચે ગુજરાત'માં અગ્રેસર કુ. નૈયા જોષીપુરા



જૂનાગઢના શ્રી હર્ષિત અને શ્રીમતી રીટા જોષીપુરાનાં પુત્રી કુ નૈયા સ્વર્ણિમ ગુજરાત ઉજવણી હેઠળ સંપન્ન થયેલ 'વાંચે ગુજરાત' કિવઝ હરીફાઈમાં રાજય કક્ષાએ ગાંધીનગર ખાતે ભાગ લઈ આવ્યાં.આ ફાઈનલ સ્પર્ધામાં રાજયના કુલ ૨૭ લાખ સ્પર્ધકો માંથી રાજયકક્ષાએ પહોચેલા ૧૯૮ સ્પર્ધકોમાં કુ. નૈયા જીલ્લાના એક માત્ર મહિલા અને નાગર સ્પર્ધક હતા. સ્પર્ધામાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી એન્કર તરીકે હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહન પુરૂં પાડી અભિનંદન પાઠવ્યાં હતાં.

કુ. નૈયા સ્વ. ધ્રુવકુમાર ટી. જોષીપુરાનાં પૌત્રી તેમજ સ્વ. હર્ષા અને નિરંજનભાઈ વૈદ્ય (દિવાન) નાં દોહિત્રી થાય.

## ભાવાંક બુચની વિશિષ્ટ સિધ્ધિ



અમદાવાદ ખાતે તા. ૨૯/૫ના રોજ શ્રેયસ ફાઉન્ડશન ખાતે વિવિધ સંગીત સંસ્થાઓ દ્વારા ૩૧૫ વિદ્યાર્થીઓ દ્વારા સમૂહમાં ૧ કલાક અને ૧૫ મીનીટ સળંગ તબલા વગાડવાનો કાર્યક્રમ યોજાય ગયો. જે અનેરા રેકોર્ડ તરીકે ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં અંકિત થયો. આ વિશેષ કાર્યક્રમમાં તબલા ગુરૂ મુંજાલભાઈ મહેતા પાસે તાલીમ મેળ વનાર અમદાવાદના ભાવાંક બુચ પણ તબલા સંગતમાં ભાગ લેવામાં યશભાગી બન્યા. બાળપણથી જ તબલા વાદનમાં રસ ધરાવનાર ભાઈ ભાવાંકે અનેક સ્પર્ધાઓ, યુથફેસ્ટીવલમાં ટોફી, પ્રમાણપત્રો મેળવી પોતાની કાબેલીયત પૂરવાર કરી છે. આવતા માસમાં ભાવાંક તબલા માટેની સ્કોલરશીપના ઈન્ટરવ્યુ માટે ભોપાલ જનાર છે. તેઓ કોમ્પ્યુટર ઓપરેટરની પરીક્ષામાં ૭૧% સાથે ઉત્તીર્ણ થયેલ છે અને હાલમાં એમ.એ. (ઈંગ્લીશ) તેમજ વિશારદનો અભ્યાસ કરી રહેલ છે.

અંતમાં..શિક્ષણ કે કલા માટે કોઈ ઈન્દ્રીયની ખોટ કારણભૂત નથી હોતી કારણ ભાઈ ભાવાંક જન્મથી પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં ખરે જ કુટુંબીજનો માટે 'આંખનાં રતન' સમા બની રહેલ છે.

તબલામાં તેમનો 'ભાવાંક' પ્રગતિકર બની રહે તેવી શુભકામના સહ અભિનંદન પાઠવીએ.

## શ્રી અરૂણ બુચનું નામ 'લિમ્કા બુક ઓફ રેકોર્ડઝ'માં ચમકયું



ગુજરાત સરકારના વિવિધ મંત્રીશ્રીઓના અંગત મદદનીશ તરીકેની ૩૫ વર્ષની સુદીર્ઘ કામગીરી, ગુજરાત રાજયમાં સામાજીક ક્ષેત્રમાં પ્રશંસનીય કામગીરી બજાવનાર અને પાટનગર ગાંધીનગરના લોકપ્રિય સેવક શ્રી અરૂણ બુચનું નામ'લિમ્કા બુક ઓફ રેકોર્ડ'માં અંકિત થયું. પાટનગર ગાંધીનગરના પ્રારંભકાળથી જ સામાજીક સેવાઓ અને વિકાસશીલ પ્રવૃતિઓ માટે સતત કાર્યરત શ્રી અરૂણ બુચને શ્રી વિજય ઘોષ એડીટર લિમ્કા બુક ઓફ રેકોર્ડ તરફથી વિશેષ સન્માન રૂપ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું.

આ ગૌરવપ્રદ સન્માન મેળવનાર શ્રી અરૂણભાઈ હર્ષદરાય બુચની કારકિર્દીની ઝાંખી મેળવીએ.. તેઓ ૪ એપ્રિલ ૧૯૫૮ થી રાજય સરકારની સેવામાં જોડાયેલ હતા. ગુજરાત સ્વતંત્ર રાજય તરીકે અસ્તિત્વમાં આવ્યું ત્યારથી એટલે કે ૧૯૬૦ થી ૯૫ના સુદીર્ઘ કાર્યકાળ દરમિયાન નિયામક આર્યુવેદની કચેરીથી શરૂ કરેલી ફરજથી લઈ શ્રી અરૂણભાઈએ સાત જેટલા મંત્રીઓના અંગત મદદનીશ તરીકે પ્રશંસનીય સેવાઓ બજાવી છે. ૧૯૯૫માં વય નિવૃત થયા પહેલા શ્રી બુચે ૧૯૬૦થી ૬૭ કૃષિ અને પશુપાલન મંત્રી શ્રી બહાદુરભાઈ પટેલ,૧૯૬૭ થી ૧૯૭૧ વન અને પરિવહન મંત્રી શ્રી પરમાણંદદાસ ઓઝા અને સમાજ કલ્યાણ મંત્રી શ્રી હિંમતભાઈ રજવાડી, ૧૯૭૨થી ૭૫ માર્ગ અને મકાનમંત્રી શ્રી અમરસિંહ ચૌધરી, ૧૯૭૬ થી ૮૦ કાયદા મંત્રી શ્રી રસિકચંદ્ર આચાર્ય,૧૯૮૦ થી ૯૦ કૃષિ મંત્રી શ્રી મહંત વિજયદાસજી અને ૧૯૯૧થી ૯૫ સુધી જળસંપતિ મંત્રી શ્રી જશુભાઈ બારડના અંગત મદદનીશ તરીકે સેવાઓ આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી અરૂણ બુચ લિખીત પુસ્તક "આપણા સૌનું ગાંધીનગર : ગઈકાલ,આજ, આવતીકાલ"નું તાજેતરમાં પૂજય મોરારીબાપુના વરદ હસ્તે વિમોચન કરવામાં આવ્યા બાદ મુખ્યમંત્રીશ્રીને અર્પણ કરવામાં આવ્યું હતું. ધન્યવાદ સાથે સેવારત રહો તેવી શુભકામના પાઠવીએ.

## નિવૃતિ સન્માન સાથે પુનઃ પદ નિયુક્ત થતા શ્રી દિલીપ વૈશ્નવ

એક સમયના પોલીસ ઇન્સ્પેકટર સ્વ. કપીલરાય એન. વૈષ્ણવના પુત્ર તથા નિલકંઠરાય એ. છાયાના જમાઈ શ્રી દિલીપ વૈષ્ણવ કે જે D.Y.S.P. તરીકે ગાંધીનગર ખાતે ફરજ બજાવી રહયા હતા. તેઓ ૩૬ વર્ષની પોલીસખાતાની યશસ્વી, સ્વચ્છ નિષ્પક્ષ કારકીર્દી બાદ ૩૧-૫-૨૦૧૧નાં રોજ વયમર્યાદાને લઈને સેવા નિવૃત થયા. અમદાવાદ ખાતેની ઓફીસમાં ડીજીપી,એસીપી, જેવા I.P.S. અધિકારીઓ અને તેઓની સાથે ફરજ બજાવી ચુકેલા નિવૃત તથા હાલનાં પોલીસ ઓફીસરો દ્વારા યોજાયેલ ભવ્ય નિવૃતિ સન્માન સમારંભમાં શ્રી વૈશ્નવે જયાં જયાં ફરજ બજાવેલ તે દરેક સ્થળોના પોલીસખાતા ના સહકર્મીઓ તથા હોમ ડીપાર્ટમેન્ટ સચિવાલયનાં અધિકારીઓ શુભેચ્છા આપવા રૂબરૂ ઉપસ્થિત રહેલ. આ પ્રસંગે ઉપસ્થિત DGP તથા અન્ય અધિકારીઓએ પોતાના સન્માન પ્રવચનમાં શ્રી વૈશ્નવની નીડરતા, કાર્યદક્ષતાને બિરદાવી સરકારશ્રીના તેઓની વધુ એક વર્ષ સેવાઓ લેવાના નિર્ણયને આવકાર્યો હતો.

અત્રે સગર્વ નોંધ લેવી ઘટે કે ટૂંક સમય પહેલાં જ રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા પાટીલ દ્વારા પોલીસ મેડલથી સન્માનિત શ્રી વૈષ્નવને તેમની નિષ્પક્ષ, સ્વચ્છ, નીડર કાર્યપ્રણાલીને લક્ષમાં લઈને ગુજરાત સરકાર તરફથી વધુ એક વર્ષ તેમની સેવાઓ લેવાના નિર્ણય સાથે પુનઃ પદ નિયુકત કરવામાં આવેલ છે.

પિતાશ્રીના વારસાને ઉજજવળ બનાવી દીપાવનાર શ્રી દિલીપભાઈને અભિનંદન - શુભેચ્છા.

## બોર્ડ - યુનિવર્સિટીના જ્ઞાતિના તેજસ્વી તારકો...



**કુ. ધ્યાના બક્ષી :** જુનાગઢના સ્વ. ચંદ્રકાન્તભાઈ બક્ષી(નિવૃત,વેસ્ટર્ન રેલ્વે) તથા પ્રેમીલાબહેન (લકીબહેન)નાં પૌત્રી અને રાજકોટના વરિષ્ટ પત્રકાર અને પ્રખર ગાંધીવાદી શ્રી ઉષાકાન્તભાઈ તથા સરયુબેન માંકડના દોહિત્રી તે અમદાવાદ સ્થિત શ્રી હેમાંગ બક્ષી અને શ્રીમતી અલ્કા બક્ષીનાં પુત્રી કુ. ધ્યાના બક્ષીએ તાજેતરમાં લેવાયેલ આઈ.સી.એસ.ઈ. બોર્ડની ૧૦મા ધોરણની પરીક્ષામાં ૯૫% ગુણ મેળવીને ગુજરાતમાં પ્રથમ સ્થાન મેળવી જ્વલંત સફળતા પ્રાપ્ત કરી છે.

કુ. ધ્યાનાના માતુશ્રી અને ઉષાકાન્તભાઈ માંકડના પુત્રી અ. સૌ. અલકાબેન બક્ષીએ પણ ૧૯૯૦ માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની બી.કોમ. પરીક્ષામાં યુનિ. માં પ્રથમ ક્રમ મેળવી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. લગભગ ૨૦ વર્ષે તેમના પુત્રીએ આ સિધ્ધિ મેળવી ફરી કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે.



**કાવ્યા વસાવડા :** મૂળ માંગરોળનાં હાલ વડોદરા સ્થિત અમિતભાઈ ભાસ્કરભાઈ વસાવડા તથા અર્ચિતાબેનનાં પુત્રી કુ. કાવ્યાએ ધો. ૧૦ C.B.S.E. બોર્ડમાં કુલ ૧૦/૧૦ ગ્રેડ પોઈન્ટ (૯૫%૧૦૦% વચ્ચેના માર્કસ)તેમજ દરેક વિષયમાં A1 ગ્રેડ સાથે અંબે સ્કુલ માંજલપુરમાં પ્રથમ ક્રમાંક મેળવી શાળા તેમજ કુટુંબનું નામ રોશન કર્યુ છે. અભિનંદન.



**કુ. નેહલ વોરા :** શ્રી ભુતેષભાઈ કૌશિકભાઈ વોરા તથા શ્રીમતી અર્પણાબેનનાં પુત્રી કુ.. નેહલે ધો.૧૨ કોમર્સમાં ૯૨% સાથે (૯૯.૯૮%પર્સન્ટાઈલ) રાજકોટ કેન્દ્રમાં એ- ગ્રેડમાં ૩૦ વિદ્યાર્થીઓમાંથી તેણીએ ૭ મું સ્થાન મેળવી જ્ઞાતિ તથા શાળામાં ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. જ્વલંત સફળતા બદલ અભિનંદન સાથે શુભેચ્છા.

### કુ. દિશા ખારોડ યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાને



જૂનાગઢ સ્થિત શ્રી ઉજ્જવલ બી. ખારોડ અને ચેતના ઉજ્જવલ ખારોડના પુત્રી કુ. દિશા ખારોડે માર્ચ-૨૦૧૧માં લેવાયેલ એસ. વાય. બી.કોમ.ની પરીક્ષામાં ૭૭% સાથે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં છઠ્ઠું અને જૂનાગઢ કેન્દ્રમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં બેન દિશા આ અભ્યાસ સાથે જ સી.એ.નો પણ અભ્યાસ કરી રહેલ છે અને IPCC માં ઉત્તીર્ણ થઈ ફાઇનલ સુધી પહોંચી ગયેલ છે. ઉજ્જવલ શૈક્ષણિક કારકિર્દી બદલ અભિનંદન સહ શુભકામના.

### કુ. નિશીતા વૈશ્નવ યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાને



રાજકોટ સ્થિત શ્રીમતિ નંદિની તથા વિરલ વૈશ્નવનાં પુત્રી કુ. નિશીતા (શ્રીમતિ દેવયાનીબેન તથા શ્રી અવિનાશભાઈ વૈશ્નવનાં પૌત્રી અને તરલીકાબેન બીપીનભાઈ કિકાણીનાં દોહિત્રી)એ તાજેતરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવાયેલ બી.એસ.સી. બાયોઈન્ફોર્મેટીકસના પ્રથમ સેમેસ્ટરની પરીક્ષાના સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષેલ છે. તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી ધરાવતાં નિશીતાને અભિનંદન સહ શુભકામના.

## નાટયકાર શ્રી અમીત મહેતાની અચાનક 'એક્ઝીટ'



ભાવનગરનાં વલ્લભવિદ્યાનગર સ્થિત બહુમુખી પ્રતિભા સંપન્ન શ્રી અમીત શિરીષકુમાર મહેતાની માત્ર ૫૪ વર્ષની વયે જીવનના રંગમંચ પરથી 'એક્ઝીટ' થતાં નાટયકલાજગતને એક તજજ્ઞની મોટી ખોટ પડી છે. તેઓએ નાની વયે અનેક સિધ્ધિઓ હાંસલ કરેલ... તેઓને ગુજરાતમાંથી સૌ પ્રથમ ગુજરાતી થિયેટર ગ્રુપ નટસૂર્યા થીએટ્રોનના દિગ્દર્શક તરીકે સુપ્રસિધ્ધ પૃથ્વી થીએટરમાં નાટક ભજવવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયેલ. ઉપરાંત નાટય ક્ષેત્રે 'મકકા'ની ગણના થતાં શ્રેષ્ઠ નટરાણી થીએટરમાં પણ પોતાની નાટયકલા પ્રદર્શિત કરવાની તક સાંપડેલ. શ્રી અમીત મહેતા એ મુંબઈ ખાતે ભાલમલજી અને ઉષામલજી સાથે બાળ નાટય સંસ્થાનું સંચાલન પણ કરેલ. તેઓએ અનેક લોકભોગ્યનાટકો દર્શકો સમક્ષ રજુ કરેલ, જેમાં શ્રીકાન્ત શાહ લિખિત 'કોરી જગ્યાનો સંબંધ','એક ટીપું સૂરજનું,'એકાંતની અડોઅડ', મધુરાય લિખિત 'ચતુષ્કોણ', શ્રી શિતાંષુ મહેતા લિખિત 'માર્ગદર્શન' નો સમાવેશ થાય છે. યુથ ફેસ્ટીવલમાં રાષ્ટ્રીય સ્તરે 'એક ટીપું સૂરજનું'નાટક માટે શ્રેષ્ઠ દિગ્દર્શક તરીકેનું પારિતોષીક પણ પ્રાપ્ત થયેલ. રાષ્ટ્રીય-આંતર રાષ્ટ્રીય સ્તરે 'જયુરી મેમ્બર' તરીકેનું સન્માન પણ મેળવેલ.

માત્ર નાટય ક્ષેત્રે જ નહી પરંતુ સાહિત્યના ક્ષેત્રે પણ આગવું પ્રદાન આપી અસંખ્ય ઊર્મિસભર કવિતાઓ, લેખો, લઘુનિબંધ લખ્યા. ગુજરાતી ભાષામાં આંતરરાષ્ટ્રીય વ્યાપ ધરાવતા એસબીએસ રેડિયો સીડની ઓસ્ટ્રેલીયા દ્વારા પ્રસારિત થતા કાર્યક્રમમાં કેતન મહેતા, ટીકુ તલસાણિયા, અપરા મહેતા,અરવિંદ જોષી, નિરજ વોરા, રાજેન્દ્ર શુકલ, મુકુલ ચોકસી, પુરુષોતમ ઉપાધ્યાય જેવી અનેક ગુજરાતી હસ્તીઓના ઈન્ટરવ્યુ લીધા.

આવું 'ડાયનેમીક' વ્યકિતત્વ ધરાવતા શ્રી અમીત મહેતાને તેઓના જ શબ્દો દ્વારા અંજલિ અર્પીએ...

જીવતર આખું દરિયો થઈ અમે વહયાં,<br>
અંતે થીજયાં લોહી તો ખડગ થયાં. – અમીત મહેતા

## સૌ પરિચિતોના પ્યારા દીનકરભાઈ અંતાણીનો ચિરવિરામ

મુંબઈ શિવાજી પાર્કના સજીવ ધબકાર સમા દીનકરભાઈ ઉમેદલાલ અંતાણીએ ૯૬ વર્ષનું સભર આયુષ્ય પૂર્ણપણે જીવી,એવી જ રીતે પૂર્ણ રીતે વિદાય લીધી છે, ત્યારે તેમને જોયેલા-જાણેલા અને સાન્નિધ્ય માણેલા દરેકને એવો અહેસાસ થયો હશે કે જીવનનો કેવો હસતો ખેલતો મદદગાર આર્શીવાદ આપણે અનુભવીને ધન્ય થયા. દીનકરભાઈ સિર્ફ નામ હિ કાફી હે.

એ દીન-દુખિયાના કર હતા,જેઓ તેઓની દીનતા હરી લેતા અને મૈત્રી દાન કરી ગૌરવ બક્ષતા, જામનગરમાં કઠિનાઈમાં બાળપણ વીતાવી,મુંબઈ સિંધિયા કંપનીમાં જોડાયા,તે એવા એમાં એકાકાર થયા કે,"સિંધિયાસ્ટીમ" બોલાય એટલે ડી.યુ. અંતાણીનું નામ સાથે બોલાય જ. તે વગર સિંધિયા અને તેના સંચાલિકા સુમતિ મોરારજી અધૂરાં. કામમાં અતુટ નિષ્ઠા અને અસીમ પરિશ્રમ,પણ સરલતા એવી કે જાણે કૃષ્ણ ટચલી આંગળીએ ગોર્વધન તોળે. નિવૃતિ પછી છેલ્લા વર્ષ સુધી સેવારત રહયા, છતાં બાળકની જેમ ખેલખેલમે !

વિશાળ પરિવારને માતુશ્રી નાની બેનના નેતૃત્વ નીચે (પાંચભાઈ,ત્રણ બહેન અને પછી ભત્રીજાં-ભાણેજડાં,વેવાઈવેલાં, મુંબઈ આવતા સગાસ્નેહીના ધાડાં) પાંખમાં લઈ પાળવો પોષવો- યે કોઈ બચ્ચોંકા ખેલ ન થા, પર દીનકરભાઈ ને ઉસે ખેલ બના દીયા. વિધવા બનેલા મૂંગા બહેનનને ચાર નાનાં બાળકો સાથે નાના મકાન-મોટા દિલમાં સમાવનાર અને છેક છેલ્લા શ્વાસ સુધી તેમની અને સવા સો જેટલા છૂટા પડેલા કુંટુંબીઓની પ્રેમથી કાળજી લેનાર દીનકરભાઈ, તથા વહેલાં તેમને છોડી જનાર પત્ની સૌ. અનસુયાબેનની જોડી જડવી દુર્લભ છે.

ઘેર ઘેર એવો દિનકર (સૂર્ય) ઊગે તો અંતાણી આનંદે.

# -.-.-.- સમાચાર સંચય -.-.-.-

✸ **જામનગર :** અત્રેના શ્રી યોગેશ પોટાએ સમગ્ર ગુજરાત અંધ શિક્ષકોનાં સેમિનારમાં કિનોટ સ્પીકર તરીકે કામગીરી બજાવી.

✸ અત્રેના ડો. ધવલ હરદેવ માંકડે તેઓના માતુશ્રી સ્વ. અરૂણાબેન ના સ્મરણાર્થે હાટકેશ હોલમાં ૩૫ નંગ ખુરશી તથા રૂા.૧૦ હજારનું અનુદાન આપી જ્ઞાતિ ભાવના વ્યકત કરી.

✸ શ્રી નાગર સોશ્યલ ગૃપ મેડીકલ એઈડ ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા તા. ૫-૬-૨૦૧૧ ના રોજ પ્રમુખશ્રી અંબરિષભાઈ જથ્થલનાં અધ્યક્ષસ્થાને ૧૮૦ જેટલા સભ્યો-દાતાઓની હાજરીમાં યોજાય ગઈ. જેમાં અમદાવાદનાં નામાંકિત આંખના સર્જન ડો. અભયભાઈ વસાવડાને વિશ્વનો શ્રેષ્ઠ એવોર્ડ એનાયત થતાં તેને બિરદાવતો અભિનંદન ઠરાવ પસાર કરવામાં આવ્યો.ત્યારબાદ ડો. પિયુષભાઈ માટલિયાનાં સંતુલિત આહાર વિષે મનનીય પ્રવચનનો સૌએ લાભ લીધો.અંતમાં રસ-પુરીના ભોજનનો લ્હાવો લઈ સભા પૂર્ણ થયેલ.+

✸ શ્રી દેવાંગ યજ્ઞેશભાઈ કીકાણી સાઉદી અરેબિયાનાં ઝુબેલ શહેર ખાતે ફ્રાન્સ સ્થિત SATORP રિફાઈનરીમાં ઉચ્ચ હોદા પર નિમાયા.

✸ **વડોદરા :** નિસર્ગ જયેન્દ્રકુમાર વસાવડા એલ એન્ડ ટી. કંપનીમાં એકઝીકયુટીવ (ટ્રેઇનીઝ) તરીકે જોડાયા.

✸ શ્રી તારક કુમારકાંત બુચે જર્મન કંપની કેએસપી પંપ લી.માં સતત બીજે વર્ષે ડેપ્યુટી મેનેજર તરીકે બઢતી મેળવી.

✸ અત્રેના શ્રી રાજેન્દ્ર વોરા ભાઇઓ,બેન બનેવીઓ સમેતના પરિવારના ૧૪ સભ્યો ચારધામની કઠીન યાત્રા કરી આવ્યા, જેમાં ૮૬ વર્ષની વયના માતુશ્રી ગં. સ્વ. મહાલક્ષ્મીબેન જનસુખરાય વોરાએ પણ આ જૈફ વયે શ્રધ્ધા અને આત્મવિશ્વાસના બળે હિમાલયના ઠંડા પવન, હિમનદીના પાણીના ભયજનક રસ્તાઓ પાર કરી સુખરૂપ યાત્રા પૂર્ણ કરી અને સૌને કરાવી.

✸ અત્રેના શ્રીમતી આશા તથા શ્રી દુષ્યંત મનસુખલાલ અંતાણી (બરછી પ્રતિનિધી)ના પુત્ર નિર્જય અંતાણી (ડિપ્લોમાં ઈન હોસ્પિટાલીટી મેનેજમેન્ટ)એ ટાટા ગ્રુપની હોટલ જીંજરમાં ફ્રન્ટ ઓફિસ આસીસ્ટન્ટ તરીકે ૨૦૦૮ માં જોડાયા બાદ પોતાની કાર્ય કુશળતા અને ધગશના ફલસ્વરૂપે "મંથલી વર્કમેન શીપ"ના એવોર્ડની સાથે ૨૦૦૯-૧૦ નો 'બેસ્ટ ગેસ્ટ સર્વિસ એવોર્ડ' મેળવી આસીસ્ટન્ટ હોટલ મેનેજર તરીકે બઢતી મેળવી.

✸ નાણાવટી વિદ્યોતેજક ગ્રુપ વડોદરા દ્વારા ગુજરાતમાં વસતા નાગર તથા નાગર બ્રાહ્મણ વિધાર્થીઓને ગુણવતાના ધોરણે વર્ષ ૨૦૧૧ માટે પારિતોષિક આપવામાં આવશે. માર્ચ ૨૦૧૧ માં ગુજરાત બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ ૧૦, ધોરણ ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) માં ૮૦% કે તેથી વધુ અને ધોરણ ૧૨(સામાન્ય પ્રવાહ) માં ૭૫% કે તેથી વધુ ગુણ મેળવીને ઉત્તીર્ણ થનાર વિધાર્થીએ તા. ૧ સપ્ટેમ્બર ૨૦૧૧ સુધીમાં ગુણપત્રકની પ્રમાણિત નકલ, સરનામા અને ફોનનંબર સાથેની અરજી ડો. રવિન્દ્ર એસ. નાણાવટી," બિલિપત્ર" એ-૧૮,ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી, ન્યુ સમા રોડ, વડોદરા-૩૯૦૦૨૪ ખાતે મોકલી આપવી.

✸ વિશ્વ પર્યાવરણ દિનની પૂર્વ સંધ્યાએ તા. ૪/૬ના રોજ અત્રેની સંસ્થા 'ગ્રંથગોષ્ઠિ'માં મ. સ. યુનિ.ના ઝુઓલોજીના રીડર,ત્રણ ગોલ્ડમેડલથી નવાજીત અને પ્રધાનમંત્રીના યંગ સાયન્ટીસ્ટ એવોર્ડથી સન્માનિત પ્રા. ડો. કૌરેશ વછરાજાનીએ મુખ્યમંત્રીશ્રીના પુસ્તક પર્યાવરણમાં બદલાવ-ઉપાયો વિષય ઉપર મનનીય વાર્તાલાપ આપ્યો. આ પ્રસંગે તુલસીના રોપાનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવેલ.

✸ અત્રેની બાલવિકાસ કાર્યોમાં અગ્રેસર શુંભાક સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા સ્વર્ણિમ વડોદરા મહોત્સવ માં ઈન્ડીયા બેબી એસ્પો ૨૦૧૧ માં વિવિધ કાર્યક્રમો અંતર્ગત યોજાયેલ "દાદા દાદી ની વાર્તા" કહેવાની સ્પર્ધામાં ડો. રાજેન્દ્ર કે. હાથીએ પ્રથમ વિજેતા બની પ્રમાણપત્ર અને પુરસ્કાર મેળવ્યા.

✸ **અમદાવાદ :** અત્રેનાં જલશ્રી છાયા-દેસાઈને ISROમાં 'યંગ સાયન્ટીસ્ટ ઓફ - ૨૦૧૦'નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.

✸ સ્વર્ણિમ ગુજરાતના પૂર્ણાહુતિ કાર્યક્રમમાં તા ૩૦ એપ્રિલે અહીં યોજાયેલ ૩૨૧ જેટલા બાળકોના સમુહ તબલાં વાદન કાર્યક્રમમાં સતત અને એકધારા લગભગ બે કલાકના તબલાવાદન કાર્યક્રમમાં જુનાગઢ ના નવરંગ પરિવારના ડો. બિપિનભાઈ અને જયોતિબહેન વૈષ્ણવના પૌત્ર તથા વરિષ્ટ પત્રકાર અને ગાંધીવાદી શ્રી ઉષાકાન્તભાઈ માંકડ અને સરયુબેનના દોહિત્ર સાયુજય પલ્લવ વૈષ્ણવે ભાગ લઈ સુંદર તબલાવાદન કરેલ.અત્રે નોંધપાત્ર છે કે સમૂહ તબલા વાદનના આ કાર્યક્રમે ગિનિસ બુક ઓફ વર્ડ રેકોર્ડ સહિત પાંચ વર્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે.

✸ અત્રેના ચિરંતન સંજીવ અંતાણી સતત દોઢ કલાકના તબલાવાદના કાર્યક્રમમાં ભાગ લઈ ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પ્રમાણિત થયા.

✸ **ગાંધીનગર :** તા. ૨૨ થી ૧ મે દરમ્યાન અત્રે યોજાયેલ મોરારી બાપુની રામકથા પ્રસંગે નીકળેલ શોભાયાત્રામાં ધર્મ આધારિત ટેબ્લોમાં વડનગરા નાગર મંડળ દ્વારા રજુ કરાયેલ ટેબ્લોમાં ચિ. નિસર્ગ દર્પાણ બુચે નરસિંહ મહેતાનનું તથા દિશા પ્રણવ જોષીપુરાએ તાના નું જયારે ઈશ્મા સર્જિત નાણાવટી એ રીરી નું પાત્ર ભજવી પ્રશંસા મેળવેલ.

✸ **રાજકોટ :** અત્રેના અર્પિત વ્યોમેશ વસાવડાને ધામધૂમથી યજ્ઞોપવિત સંસ્કાર અપાયા.
સ્વામી વિવેકાનંદ ઈન્સ્ટીટયુટ ઓફ માઉન્ટેનીયરીંગ માઉન્ટ આબુ ખાતે તા. ૩/૫ થી ૯/૫ દરમ્યાન ૮ થી ૧૩ વર્ષના બાળકો માટેના એડવેન્ચર કોર્ષ યોજાય ગયો. કુલ ૮૧ બાળકો તેમાં જોડાયેલ. અત્રેના તુલન ઉત્કલ વૈશ્નવે તેમાં ભાગ લઈ ગ્રુપ લીડર તરીકેની જવાબદારી સફળતાપૂર્વક સંભાળેલ.
તાજેતરમાં સ્થપાયેલા 'મનન ફાઉન્ડેશન ટ્રસ્ટ' દ્વારા આરોગ્યલક્ષી પ્રોજેકટના ઉપક્રમે શ્રી ભુવનેશ્વરી ઔષધાલયના સહકારથી નીલકંઠ મહાદેવના હોલમાં આયોજીત 'સર્વરોગ નિઃશુલ્ક નિદાન કેમ્પ'નું શ્રીમતી નલીનીબેન મનહરભાઈ વૈષ્ણવ દ્વારા દીપ પ્રાગટય કરાયા બાદ નિષ્ણાંત તબીબો દ્વારા નિદાન કરી નિઃશુલ્ક ઔષધો તથા લેબોરેટરી ચકાસણી કરવામાં આવેલ. જેનો બહોળી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધેલ.કાર્યક્રમને સફળ બનાવવામાં ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મનહરભાઈ વૈષ્ણવે તેમજ સહ ટ્રસ્ટી કુ. કોમલ વૈષ્ણવે જહેમત ઉઠાવેલ.

✸ **પોરબંદર :** અત્રેનાં કુ. પૂજા હેમાંશુભાઈ દેસાઈ સ્વર્ણિમ ગુજરાત સમાપન દિન નિમિત્તે અમદાવાદ ખાતે સરદાર પટેલ સ્ટેડીયમ ખાતે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લઈ સર્ટીફીકેટ તથા રોકડ પુરસ્કાર મેળવ્યાં.

✸ **ભાવનગર :** અત્રેના શ્રી હરકાન્તરાય દેસાઈના સ્વ. માતુશ્રી ચંદ્રાલક્ષ્મી અને સ્વ. પિતાશ્રી દિનકરરાય નરસિંહપ્રસાદ દેસાઈ પરિવાર તરફથી તા. ૪ થી ૬ જૂન દરમ્યાન નિલકંઠ મહાદેવના મંદિર ખાતે શ્રી મહિપતભાઈ જોષીના યજ્ઞાચાર્ય પદે હોમાત્મક મહારૂદ્રાભિષેકનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૫ યજ્ઞકુંડ અને ૨૨ બ્રહ્મદેવો દ્વારા રૂદ્રીના મંત્રો સાથે ૨,૧૪,૨૯૧ આહૂતિ આપવામાં આવેલ. તા. ૭ના રોજ પ્રસાદી ભોજન રાખવામાં આવેલ. ધામધૂમથી યોજાયેલ આ ધાર્મિક ઉત્સવમાં ગામ બહારગામના કુટુંબીજનો જ્ઞાતિજનો વિશાળ સંખ્યામાં સામેલ થયેલ.

✸ અત્રેનાં કુ. આસ્થા દિગંતભાઈ મહેતા આકાશવાણી રાજકોટ દ્વારા તાજેતરમાં લેવાયેલ સ્વર પરીક્ષામાં

સફળતા મેળવી બી-ગ્રેડના રેડીયો કલાકાર તરીકે માન્યતા મેળવી. તેણી સંગીતનું માર્ગદર્શન જાણીતા ગાયક હારિત ધોળકિયા પાસેથી મેળવી રહયાં છે.

✸ અત્રેના શ્રી પ્રશાંતવદન (જયંતભાઈ) વોરા સપરિવાર ત્રંબકેશ્વર, નાસિક,શીરડી,શનિ શીંગડાપુર સાથે ગુજરાતના યાત્રાધામોની યાત્રા કરી આવ્યા.

✸ શ્રીમતી નિરૂપમાબેન એમ. અધ્વર્યુ કેન્દ્ર સરકાર હસ્તકની કૈલાસ માન સરોવર યાત્રા માટે પસંદગી પામી યાત્રામાં જોડાયાં.

✸ અત્રેના જયોતિલ મનહરભાઈ વૈષ્ણવનાં પુત્રી ચિ. ઘટા વૈષ્ણવે( ઉમર વર્ષ ૧૩-ધો. ૯) કથ્થકના તૃતીય વર્ષમાં પ્રથમ શ્રેણી પ્રાપ્ત કરી ચોથા વર્ષમાં પ્રવેશ મેળવી પોતાની નૃત્ય સાધના જાળવેલ છે.

✸ **સિહોર :** ડો. શ્રીકાંત જે. દેસાઈ લાયન્સ કલબના પ્રમુખ તેમજ ડીસ્ટ્રીકટ ચેરમેન પદે વરાયા.

✸ ભાવનગર ખાતે મુકવામાં આવેલ નરસિંહ મહેતાની પ્રતિમા માટે ગં. સ્વ. સર્યુદાબેન દ્વારા સ્વ. ડો. જનુભાઈ દેસાઈની સ્મૃતિમાં તથા સૌ. અર્ચનાબેન દેસાઈ દ્વારા સ્વ. ડો. શરદભાઈ તથા સ્વ. ઉષાબેન દેસાઈની સ્મૃતિમાં મોટી રકમનું અનુદાન આપવામાં આવ્યું.

✸ **વાપી :** અત્રેની ઈન્ટરનેશનલ સ્કૂલમાં કોઓર્ડીનેટર તરીકે ફરજ બજાવતાં શ્રીમતી રૂપા હસિત અંજારીયા ચાલુ વર્ષે ઓપન યુનિ. દ્વારા લેવાયેલ બી.એડ.ની પરીક્ષામાં ૮૦% સાથે ઉત્તીર્ણ થયાં.નોંધપાત્ર છે કે અભ્યાસ છોડયાના ૧૮ વર્ષ બાદ તેઓએ ૪૦ વર્ષની વયે આ પદવી મેળવી છે.

✸ **મુંબઈ :** અત્રેના શ્રીમતી વર્ષાબેન તથા અવિનાશભાઈ મહેતા SOTC દ્વારા અમેરીકા-કેનેડાના પ્રવાસે જઈ આવ્યા.

✸ મુંબઈ ખાતે શ્રી જૂનાગઢ ભ્રાતૃ મંડળના ઉપક્રમે ઈષ્ટદેવ હાટકેશ દાદાના પાટોત્સવ નિમિત્તે તા. ૨૪/૪ના રોજ મહાદેવજીના મંદિરમાં લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પ્રસંગને અનુરૂપ ભજન તથા ભોજનમાં બહોળી સંખ્યામાં જોડાયેલ. જે તસ્વીરમાં દ્રષ્ટિગોચર થાય છે.





**<u>અનંતના યાત્રીઓ</u> :** શ્રીમતિ ગીતાબેન દિવ્યકાન્ત વૈશ્નવનું (૬૮ વર્ષ) જૂનાગઢ ખાતે. અમદાવાદ સ્થિત કમલેશભાઈ લલિતપ્રસાદ બુચ તથા ગાંધીનગર સ્થિત ઉપેન્દ્રભાઈ લલિતપ્રસાદ બુચનું અવસાન. - મીનાક્ષીબેન સુરેશભાઈ વસાવડાનું વડોદરા ખાતે. શીરીષભાઈ ભુપતરાય બુચનું (૭૫ વર્ષ) અમદાવાદ ખાતે. - શ્રીમતિ ભદ્રાબેન દેવેનભાઈ વોરાનું રાજકોટ ખાતે. પદ્મકાંત પ્રિતમલાલ દેસાઈનું (૯૦ વર્ષ)રાજકોટ ખાતે. - શશીકાંતભાઈ ડોલરરાય ધોળકિયાનું (૭૨ વર્ષ) જૂનાગઢ ખાતે. - મહેશભાઈ સન્મુખરાય કચ્છીનું જૂનાગઢ ખાતે. - યોગેશચંદ્ર બેચરલાલ અંતાણીનું (૮૪ વર્ષ) વડોદરા ખાતે. - અજીતભાઈ આણંદરાય માંકડનું વડોદરા ખાતે. - સુરેશભાઈ નંદશંકર દેસાઈનું મુંબઈ ખાતે.મૂળ ઉનાના વડોદરા સ્થિત શ્રીમતી અંજનાબેન પંકજભાઈ બક્ષીનું અવસાન (ચક્ષુદાતા) - શ્રીમતી મધુમતિબેન શીવદતરાય કિકાણીનું ૮૭ વર્ષ ભાવનગર ખાતે (દેહદાન કર્યું) - જનાર્દનભાઈ ગુણસુખરાય હાથી ૮૧ રાજકોટ ખાતે.- શ્રી યોગેશચંદ્ર બેચરલાલ અંતાણી(બટુકભાઈ) નું ૮૪વર્ષની વયે વડોદરા ખાતે.- અ. સૌ. સરલાબેન અવિનાશભાઈ ઓઝા નું ૭૧ વર્ષની વયે અમદાવાદ ખાતે. - અમીતભાઈ શિરિષભાઈ મહેતાનું ૫૪ વર્ષ ની વયે વલ્લભવિદ્યાનગર ખાતે. - રાજકોટના જાણીતા એડવોકેટ ચંદ્રકાન્તભાઈ દેવીપ્રસાદ માંકડનું અવસાન.

## શ્રી કચ્છ -સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળ - અમદાવાદ

શ્રી મંડળ દ્વારા નીચે પ્રમાણે શૈક્ષણિક પારિતોષિક આપવામાં આવે છે.

- ધો.૧૦-એસ.એસ.સી.માં સર્વપ્રથમ, દ્વિતીય,તૃતીય તથા પ્રત્યેક વિષયમાં પ્રથમ અને દ્વિતીય આવનારને.
- ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સર્વપ્રથમ,દ્વિતીય તથા પ્રત્યેક વિષયમાં પ્રથમ અને દ્વિતીય આવનારને.
- ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં સર્વપ્રથમ ,દ્વિતીય તથા અંગ્રેજી,આંકડાશાસ્ત્રને અર્થશાસ્ત્રમાં પ્રથમ.
- B.A., B.Sc., B.Com., L.L.B., M.S.W. , M.A., M.Sc., M.Com.,માં પ્રથમ
- ઈન્જીનીયરીગની કોઈપણ વિદ્યાશાખામાં પ્રથમ
- M.B.B.S.,વિકલ્પે M.D., M.S.માં પ્રથમ
- MBA., C.A. વિકલ્પે C.S.માં પ્રથમ
- માનસિક અથવા શારીરીક મર્યાદા છતાં કોઈપણ ક્ષેત્રમાં ઉતમ દેખાવ માટે.
- સંગીત કંઠય વાદ્ય વિશારદ, ઉપાન્ય અથવા મધ્યમામાં પ્રથમ વિકલ્પે ધોરણ ૧૦માં સંગીતમા પ્રથમ.

આ પારિતોષિક શ્રી કચ્છ -સૌરાષ્ટ્રના વડનગરા નાગરોના સંતાનો પુરતાં મર્યાદિત છે. ધો. ૧૦-૧૨ના પારિતોષિક ગુજરાત રાજયમાંથી પાસ થયેલ,રાજય તથા સેન્ટ્રલ બોર્ડના ઉમેદવારો માટે છે.

અરજી સાદા કાગળ પર, માર્કશીટની પ્રમાણિત નકલ સાથે, માતા-પિતાનું વતન, સંપૂર્ણ સરનામું ફોન નં. સાથે **તા. ૧૫-૭-૨૦૧૧** સુધીમાં નીચેનામાંથી કોઈપણ એક સરનામા ઉપર ટપાલ દ્વારા મોકલી આપવી. અરજી સીધી મોકલવી જરૂરી છે. વાયા.... કોઈના દ્વારા મોકલાતી અરજી મળતી નથી. માત્ર માર્કશીટ મોકલવી નહી.

**(૧) અમિત કે. દેસાઈ**
એ/૧,માણેક એપાર્ટમેન્ટ
હોટલ મોસ્કોની બાજુમાં
રેલ્વે સ્ટેશન સામે,મણિનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૮.
**ફોન નં ૦૭૯-૨૫૪૬૬૨૩૩**

**(૨) કુ. નીલીમા પી. વૈષ્ણવ**
૨૬/બી ,નારાયણનગર સોસાયટી
જયભિખ્ખુ માર્ગ,
નારાયણનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.
**ફોન નં ૦૭૯-૨૬૬૨૦૮૮૬**

શ્રી મંડળ તરફથી ઈન્જીનીયરીંગ, મેડીકલ, ફાર્મસી વિગેરેમાં ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવે છે. આ માટેનું ફોર્મ મંગાવી (સ્ટેમ્પ કવર મોકલવું જરૂરી છે.) એડમિશન વિધિ પુરી થયા પછી ઉપરોકત સરનામે મોકલી આપવું. સ્કોલરશીપ આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈ આપાવામાં આવે છે.

**ડો. જયંત વસાવડા**
**મંત્રી**

**નીલકંઠ ધોળકિયા**
**પ્રમુખ**

## શ્રી પ્રણવ મહેતા ઇંદીરા ગાંધી 'પ્રિયદર્શિની' એવોર્ડથી સન્માનિત થયા



ગુજરાતના અગ્રગણ્ય ઊર્જા અને પર્યાવરણ વિશેષજ્ઞ અને સોલાર એનર્જી એસોસીએશન ઓફ ગુજરાતના અધ્યક્ષ અમદાવાદ સ્થિત શ્રી પ્રણવ રવિન્દ્રરાય મહેતાને નવી દિલ્હી ખાતે યોજાયેલ એક ખાસ સમારંભમાં ભૂતપુર્વ ગવર્નર ડો. ભિષ્મનારાયણસિંઘ અને પ્રેસ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના અધ્યક્ષ જસ્ટીસ જી.એન. રેના વરદ હસ્તે પ્રતિષ્ઠીત ઈંદીરા ગાંધી 'પ્રિયદર્શીની' એવોર્ડ ૨૦૧૧ એનાયત કરવામાં આવ્યો.

આ અવોર્ડ દેશની 'નેશનલ યુનિટી કોન્ફરન્સ, નવી દિલ્હી દ્વારા તેઓની આમ જનતા અને ઉદ્યોગોને લાભકર્તા થાય તેવા વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે વિશેષ યોગદાન તેમજ સર્વજન વિકાસ અને કલ્યાણ માટેના સજાગતા સાથેના પ્રયત્નોને ધ્યાનમાં લઈ એનાયત કરવામાં આવ્યો.

સૂર્યઊર્જા, નવિનતમ અને બિનપારંપારિક ઊર્જા તેમજ સીએનજી અને પર્યાવરણ ક્ષેત્રમાં શ્રી પ્રણવ મહેતા એક સન્માનનિય નામ છે. તેઓ ગુજરાતમાં જ નહીં પરંતુ દેશ અને પરદેશમાં વિશેષ યુએસએમાં પણ આ ક્ષેત્રમાં વિચારોની આપ-લે અને આયોજન માટે નિમંત્રીત થાય છે. આમ 'વિશ્વસ્તરે વિચારો અને સ્થાનિક અમલ કરો'ની નીતિમાં માનનારા તેઓ સાચા અર્થમાં ગ્લોબલ ઈન્ડીયન કહી શકાય.

શ્રી પ્રણવ મહેતાની વ્યાવસાયિક કારકિર્દી દરમ્યાન તેઓને ભારત સરકાર અને ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ મેટલ્સ દ્વારા ગેસ આધારિત સ્પોન્જ આયર્ન પ્લાન્ટની સ્થાપનામાં ચાવીરૂપ ભૂમિકા બદલ 'નેશનલ મેટલર્જીસ્ટ' એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત ગુજરાતમાં સીએનજીના વપરાશ અને જાગૃતિ માટે પણ વિશેષ યોગદાન આપેલ છે...આ ક્ષેત્ર સાથે સંકળાયેલા સહુ કોઈ 'સીએનજી ક્રુસેડર' તરીકે ઓળખે છે.

હાલમાં તેઓ ગુજરાતની સૂર્યઊર્જા ક્ષેત્રે હરણફાળના ભાગરૂપે સોલાર એનર્જી એસોસીએશનના અધ્યક્ષ અને કિરણ એનર્જી સોલાર પાવરના નિવાસી નિયામક અને ઝોડીયાક એનર્જી તેમજ ટેઇલરમેઇડ સોલાર સોલ્યુશન્સ કંપનીઓમાં સહ અધ્યક્ષ છે અને આવી ઊર્જા ક્ષેત્રે કાર્યરત કંપનીઓને પણ માર્ગદર્શક તરીકે પોતાની સેવાઓ આપી રહયા છે.

આપણે 'ઊર્જા બચાવ'ના (માત્ર દંભી પ્રચાર) સૂત્રથી જ વાકેફ છીએ જ્યારે વિકાસની સાથે વધી રહેલ ઊર્જા માટે વૈકલ્પિક ઊર્જા સ્ત્રોત માટે મૂલ્યવાન યોગદાન આપી દેશની સાચા અર્થમાં સેવામાં કાર્યરત શ્રી પ્રણવ મહેતા સૌના અભિનંદન અને શુભકામનાના અધિકારી છે.

## એસ.એસ.સી.માં ગુજરાત બોર્ડમાં બીજાં સ્થાને માનસી ધોળકિયા



તાજેતરમાં ગુજરાત માધ્ય. શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ એસ.એસ.સી.ની પરીક્ષામાં જૂનાગઢના શ્રી કેતન અને શ્રીમતી હિતાક્ષી ધોળકિયાનાં પુત્રી હિતાક્ષી (શ્રી ચંદ્રકાન્તભાઈ તથા અખિલાબેન ધોળકિયાનાં પૌત્રી અને શ્રી કૌશિકભાઈ તથા પૂર્ણિમાબેન વૈશ્નવનાં દોહિત્રી)એ ૯૫.૬૦% અને ૯૯.૯૮ પર્સન્ટાઇલ સાથે જ્વલંત સફળતા હાંસલ કરી જ્ઞાતિ અને કુટુંબને ગૌરવાન્વિત કરેલ છે. ચિ. માનસીએ ગણિતમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ તેમજ દરેક વિષયમાં 'નાઇન્ટી પ્લસ' માર્કસ મેળવેલ છે. અભિનંદન સહ જાતમહેનત અને નિષ્ઠાથી આગેકૂચ જારી રાખશો તેવી શુભેચ્છા.

# ----- પરીક્ષાના પરિણામો -----

## એસ.એસ.સી

હવેથી પરિણામ 'પરર્સન્ટેજ' પ્રમાણે લેવામાં આવશે. ગ્રેડ કે ટકાની ગણતરી કરી લખી મોકલશો. આ અંકમાં જ્ઞાતિબંધુઓ-પ્રતિનિધીઓ મારફત જેમ મળેલ છે તેમ પ્રસિધ્ધ કરેલ છે. શાળા, કેન્દ્ર કે બોર્ડમાં ૧ થી ૧૦માં સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓનાજ ફોટા છાપવામાં આવે છે.જેની નોંધ લેશો.- તંત્રી

| | | |
|---|---|---|
| કનીશી કૃપેન દેસાઈ | ૯૪% | મુંબઈ |
| અનેરી શૈશવ વોરા | ૯૨% | મુંબઈ |
| દેવાશિષ ચેતન ઓઝા | ૯૦% | મુંબઈ |
| ઓજસ મિહીર મહેતા | ૮૮% | મુંબઈ |
| હર્ષ પ્રતીક મહેતા | ૮૧% | મુંબઈ |
| ધૈવત કેદાર ધોળકિયા | ૯૦% | ગાંધીનગર |
| ધ્યાની સુનીલભાઈ વોરા | ૮૮% | ગાંધીનગર |
| ખુશાલી જાગૃત હાથી | ૭૪% | ગાંધીનગર |
| યેષા તારક વૈશ્નવ | ૯૧% | રાજકોટ |
| યશ અજય રમેશભાઇ આચાર્ય | ૮૪% | રાજકોટ |
| સમર્થ સતિષ મહેતા | ૮૬% | રાજકોટ |
| ગાથા સમીર પોટા | ૯૨% | રાજકોટ |
| નૂપુર ચૈતન્ય કિકાણી (ગણિત-૧૦૦) | A+ | અમદાવાદ |
| નિયતી દેવાંશુ દેસાઈ | ૮૯% | અમદાવાદ |
| જાનકી પ્રશાંત દેસાઈ | ૯૦% | અમદાવાદ |
| ઋત્વિજ નીલેશ છાયા | પ્રથમ વર્ગ | અમદાવાદ |
| પૂર્વા વિજય કચ્છી | ૭૮% | અમદાવાદ |
| ભૂષા દીપકભાઈ મહેતા (સરદાર વિનય મંદિર-શાળા પ્રથમ) | ૯૨% | વડોદરા |
| ઉદીત તપન બુચ | ૮૬% | વડોદરા |
| શૈલી કિરણભાઈ બક્ષી | ૯૦% | વડોદરા |
| ખિલવ જયેશ મજમુદાર | ૮૯% | વડોદરા |
| ધ્રુવિલ આનંદ વસાવડા | ૮૯% | વડોદરા |
| ધૈર્ય તરૂણભાઈ વૈદ્ય | ૮૩% | વડોદરા |
| પંકિત રાહુલભાઈ દેસાઈ | ૭૮% | ભાવનગર |
| પ્રતિક જયેશ અંતાણી | ૭૮% | ભાવનગર |
| વૈશ્નવી પાર્થિવ મહેતા | ૮૫% | ભાવનગર |
| મેઘલ દુષ્યંત અંતાણી | ૭૪% | ભુજ |
| વંદિત છાયા | ૯૨% | અમરેલી |
| હર્ષ નંદન દેસાઈ | પ્રથમ વર્ગ | અંજાર |
| મનન ઝાલા | ૮૦% | વેરાવળ |
| ધૈવત દીપકકુમાર માંકડ (૯૬% સાથે જૂનાગઢ જીલ્લામાં ૯મા સ્થાને) | A+ | જૂનાગઢ |
| જૈનિલ જયેશ વોરા | ડીસ્ટી. | જૂનાગઢ |
| પરિન સુનીલ માંકડ | ૮૪% | જૂનાગઢ |
| પ્રેરક નંદીશ ધોળકિયા (૧૦માંથી ૧૦ પોંઇટ) | ૯૫% CBSE | જૂનાગઢ |
| માનસી કેતન ધોળકિયા | ૯૫% | જૂનાગઢ |
| ભારવી કલ્પીત ઓઝા | ૯૨% | જૂનાગઢ |
| મીત નંદકિશોર વૈશ્નવ | ૯૨% | જૂનાગઢ |
| પ્રેરક નંદિશ ધોળકિયા | ૯૫% | જૂનાગઢ |
| બરખા પીયુષ નાણાવટી | ૮૯% | જૂનાગઢ |
| ઝાલા દિર્ઘા જીતેન્દ્ર | ૮૮% | જૂનાગઢ |
| યેશા તારક વૈશ્નવ | ૮૬% | જૂનાગઢ |
| મિલિ નીલેશ વૈશ્નવ | ૮૬% | જૂનાગઢ |
| પરિન સુનીલ માંકડ | ૮૩% | જૂનાગઢ |
| લક્ષીત પ્રત્યુષ વોરા | ૮૩% | જૂનાગઢ |
| વૈદેહિ તુષાર ત્રિવેદી | ૮૩% | જૂનાગઢ |
| હર્ષલ ધર્મેન્દ્ર વસાવડા | ૮૧% | જૂનાગઢ |
| આકાશ અજય છાયા | ૭૯% | જૂનાગઢ |
| મલ્હાર મુકેશ કચ્છી | ૭૯% | જૂનાગઢ |
| જય પરેશ બુચ | ૭૮% | જૂનાગઢ |
| શોભમ મેહૂલ કીકાણી | ૭૪% | જૂનાગઢ |
| પ્રેક્ષા રશેષ શુકલ | ૭૬% | જૂનાગઢ |
| જેનીલ જયેશ વોરા | ૭૧% | જૂનાગઢ |
| જય પરેશ બુચ | ૭૯% | જૂનાગઢ |
| શૈલી ભરત માંકડ | ૮૧% | જામનગર |
| નૈઋતી જયેશ ઝાલા | ૮૬% | જામનગર |
| નિર્સગ સુધીર વછરાજાની | ૮૫% | જામનગર |
| પલક વત્સરાજ | ૮૯% | જામનગર |

| | | |
|---|---|---|
| પ્રેરક વિભૂતિ ધોળકિયા | ૮૯% | જામનગર |
| પ્રેરક ભૂષણ ધોળકિયા | દ્વિતીય વર્ગ | જામનગર |
| ઉત્કર્ષ રાજેન્દ્ર ઓઝા | દ્વિતીય વર્ગ | જામનગર |

**એચ.એસ.સી**

| | | |
|---|---|---|
| અક્ષત જતીન ઝાલા | પ્રથમ વર્ગ | નવી મુંબઈ |
| આકૃતિ યતીન છાયા | ૮૪% | અંકલેશ્વર |
| વાગ્મી અમીત દેસાઈ | ૮૯% | અમદાવાદ |
| માલવ હિતેષ બુચ | ૭૩% | અમદાવાદ |
| રીયા કશ્યપ ઝાલા | ૮૮% | અમદાવાદ |
| કવીષા પ્રણવ છાંયા | ૭૬% | અમદાવાદ |
| શિવાની અંકુર ઓઝા | ૭૩% | અમદાવાદ |
| વ્યોમ નિયુત વસાવડા | ૯૨% | અમદાવાદ |
| કુ.ઝીલ ભૌમિક જોષીપુરા | ૭૮% | અમદાવાદ |
| ઈશા અંબરીષ મજમુદાર | પ્રથમ વર્ગ | અમદાવાદ |
| હર્ષ પરેશ બુચ | ૯૪% | ગાંધીનગર |
| મોહક ધવલ માંકડ | ૮૦% | જામનગર |
| ઝંખિત મુકેશ વોરા | A+ | વડોદરા |
| ઉર્વી મનીષ વસાવડા | ૮૭% | વડોદરા |
| દીપલ પલ્લવ દેસાઈ | ૮૮% | રાજકોટ |
| રોનક મહેશભાઈ વૈશ્નવ | પ્રથમ વર્ગ | રાજકોટ |
| સૌમ્યા રશેષ વૈશ્નવ | ૮૪% | રાજકોટ |
| ઉત્કર્ષ મયંક માંકડ | ૭૬% | રાજકોટ |
| વૈશાલી કિરણભાઈ પાઠક | પ્રથમ વર્ગ | રાજકોટ |
| મંથન પી. વોરા | પ્ર. વર્ગ | રાજકોટ |
| હેતાંશ સોધન દેસાઈ | ૮૮% (ISCB) | રાજકોટ |
| સ્તુતિ જતીન બુચ | A1 | રાજકોટ |
| નીરવ સુધીર વસાવડા | ૯૧% (ICSE) | મુંબઈ |
| ફોરમ અસીત બક્ષી | ૮૨% " | મુંબઈ |
| ધરી લવ વૈદ્ય | ૮૯% " | કલકતા |
| મીત વિદ્યુત વસાવડા | દ્વિતીય વર્ગ | મુંબઈ |
| વિદીત અમીત ધોળકિયા | ૮૮% | ભરૂચ |
| આર્ષ અક્ષય વૈદ્ય | ૭૮% | ભાવનગર |
| નિયતી એમ. વસાવડા | ૭૯%(ISCB) | વેરાવળ |
| દ્રષ્ટિ હાથી | ૭૬% | વેરાવળ |
| વંદિત મહેતા | ૭૨% | વેરાવળ |
| કેવલ યોગેશભાઈ છાયા | ૯૭% | જામખંભાળીયા |
| ધૈવત દિપક માંકડ (વિ.પ્ર.) | ૮૮% | જૂનાગઢ |
| રાજેન એચ. વસાવડા(વિ.પ્ર.) | ૭૭% | જૂનાગઢ |
| ખેવના પ્રશાંત છાયા | ૮૧% | જૂનાગઢ |
| ઉચિત સમીર વૈશ્નવ | ૮૧% | જૂનાગઢ |
| સ્તુતિ વીરેન્દ્ર વોરા | પ્રથમવર્ગ | જૂનાગઢ |

F. Y. Bcom.

| | | |
|---|---|---|
| કુ રાજવી કશ્યપ દેસાઈ | પ્રથમ વર્ગ | ભાવનગર |

S. Y. Bcom.

| | | |
|---|---|---|
| જેસલ મયૂર દેસાઈ | પ્રથમ વર્ગ | જૂનાગઢ |
| મુગ્ધા ઋષિકેશ દેસાઈ | પ્રથમ વર્ગ | વડોદરા |
| મેઘલ અજય વૈશ્નવ | પ્રથમ વર્ગ | રાજકોટ |

B.C.A.

| | | |
|---|---|---|
| કુ. ધ્રુવિષા સુકેતુ વસાવડા | ૮૧% | ગાંધીનગર |

S.Y. B.B.A

| | | |
|---|---|---|
| ખંજન દીપક ઓઝા | પ્રથમ વર્ગ | ભાવનગર |

B.C.A.

| | | |
|---|---|---|
| ધૈર્ય કિરણભાઈ છાયા | પ્રથમ વર્ગ | રાજકોટ |

S.Y. B.C.S.(S.N.D.T.)

| | | |
|---|---|---|
| કુ.શૈલી દીપક ઓઝા | પ્રથમ વર્ગ | ભાવનગર |

Sp. L.L.B

| | | |
|---|---|---|
| કુ. દ્રષ્ટિ જગદીપ પોટા | ૬૧% | જામનગર |

M .A.

| | | |
|---|---|---|
| કુ. યેશા કલ્પેન્દ્ર બક્ષી | ૬૬% | રાજકોટ |

B. Sc. COMP.

| | | |
|---|---|---|
| કુ. ધ્વનિ અતુલભાઈ વસાવડા | ૭૫% | ગાંધીનગર |

---

**કુ. ઝંકૃતિ કીકાણી :** જુનાગઢના જામનગર સ્થિત



શ્રી દેવાંગ યજ્ઞેશભાઈ કીકાણીનાં પુત્રી કુ. ઝંકૃતિ દેવાંગ કીકાણીએ તાજેતરમાં ગુજરાત S.S.C. બોર્ડની લેવાયેલ પરીક્ષામાં ૯૯.૮૨ પર્સન્ટાઈલ તથા ૯૩.૪૦% મેળવી સમગ્ર સેન્ટ ઝેવિયર્સ શાળામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે.તેણીએ વિજ્ઞાનમાં ૯૯ અને ગણિતમાં ૯૮ ગુણ મેળવીને જ્વલંત સફળતા પ્રાપ્ત કરી છે.

# ----- લગ્નવિષયક જાહેરાત -----

લગ્ન વિષયક જાહેરાતના ફોન નંબર મેળવવા કાગળ, પેન તૈયાર રાખી સવારે ૧૦ થી ૧૨ કે રાત્રે ૮ થી ૯ દરમ્યાન માત્ર ૦૨૮૧- ૨૪૫૩૦૬૩ ઉપર જ ફોન કરશો. -તંત્રી

(૧) એમ.એસ.સી., (બાયો.) જ. ૯/૧૯૮૩ જ. ૯/૧૯૮૩, ૫'.૬" ઉંચાઈ/૬૩ ફાર્મા કંપનીમાં રીસર્ચ આસી. તરીકે નોકરી કરતા કાશ્યપ ગોત્રના યુવકને કન્યા. સંપર્ક : ૦૨૬૫ મો.

(૨) બી.ઇ. (ઇ.સી.) જ. ૯/૧૯૮૩ જ. ૯/૧૯૮૩, ૫'.૬" ઉંચાઈ/૬૫ સીસ્ટમ પ્રોગ્રામર તરીકે નોકરી કરતા કાશ્યપ ગોત્રના યુવકને કન્યા. સંપર્ક : ૦૨૬૫ મો.

(૩) બી.કોમ., કોમ્પ્યુટર કોર્ષ જ. ૧/૧૯૭૯, ઉંચાઈ ૫'.૮"/૮૦ પ્રા. લી. ફાઈનાન્સ કંપનીના ડાયરેકટર તરીકે કાર્યરત યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-મો.

(૪) બી.કોમ, ઇન્ટર સી.એ., જ. ૨/૧૯૮૫, ઉંચાઈ ૫'.૬" /૫૦ રાજકોટ ડેરી (અમૂલ)માં એકઝીકયુટીવ તરીકે નોકરી કરતા કાશ્યપસ ગોત્રના માંગલિક યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-મો.

(૫) એમ.એસ. (કોમ્પ્યુટર યુએસએ) બી.ઇ. જ. તા. ૩/૧૯૮૪, ઉંચાઈ ૫'.૮" યુએસએ ખાતે સોફટવેર ડેવ. તરીકે નોકરી કરતા કાશ્યપ ગોત્રના યુવકને કન્યા. સંપર્ક : ૦૨૬૫ -

(૬) બી.કોમ., કોમ્પ્યુટર કોર્ષ, જ. ૭/૧૯૭૮, માંગલિક કન્યાને યુવક કન્યા. સંપર્ક : ૦૨૭૧૭-૨૩૫૯૫૮

(૭) એમ.એ., એમ.એડ., જ. ૫/૭૭ ઉંચાઈ ૫'.૫"/૫૦ લેકચરર તરીકે નોકરી કરતી કાશ્યપસ ગોત્રની માંગલિક કન્યાને યુવક. સંપર્ક : ૦૨૬૫ મો.

(૮) એમ.કોમ., કોમ્પ્યુ. કોર્ષ, જ. ૨/૧૯૮૩, ૫'.૫" ઉંચાઈ, પ્રા. મેડીકલ કંપનીમાં આસી. મેનેજર તરીકે નોકરી કરતી ઔક્ષણસ ગોત્રની માંગલિક કન્યાને યુવક. સંપર્ક : ૦૭૯-

**સગપણ-સગાઈ :-**

- મુંબઈ નિવાસી શ્રી મુકેશભાઈ ગજેન્દ્રરાય બુચના પુત્ર મૌલિકનું સગપણ જૂનાગઢના શ્રી બંકિમભાઈ ગોપાળરાય મજમુદારનાં પુત્રી નૂપુર સાથે.
- પોરબંદર સ્થિત શ્રી હિમાંશુ હરપ્રસાદ દેસાઈનાં પુત્રી નિર્ઝરીનું સગપણ મુંબઈ સ્થિત કલ્પેન્દ્રભાઈ કુંદનલાલ દેસાઈના પુત્ર યાત્રિક સાથે.
- વલસાડ સ્થિત બંકીમચંદ્ર અનસુખરાય વૈદ્યનાં પુત્રી દિવ્યાનું સગપણ જૂનાગઢના સુરત સ્થિત ભાવિરભાઈ રામપ્રસાદ જોષીપુરાના પુત્ર હર્ષલ સાથે. (બરછી માધ્યમથી)
- અમદાવાદ સ્થિત હરિસિધ્ધ કૌસ્તુભરાય મજમુદારના પુત્ર મનનનું સગપણ વડોદરા સ્થિત ચંદ્રેશ બટુકરાય નાણાવટીનાં પુત્રી ઘટના સાથે.
- વડોદરા સ્થિત રૂચિર નીખીલભાઈ દેસાઈનું સગપણ ભાવનગરનાં ખૂશ્બુ ઉમેશભાઈ ઓઝા સાથે.

**શુભ લગ્ન :-**

- .- મહુવા સ્થિત નૈષધભાઈ નીતીભાઈ દેસાઈનાં પુત્રી નમ્રતાનાં લગ્ન રાજકોટ સ્થિત મુકેશભાઈ હરભાઈ દેસાઈના પુત્ર રચિત સાથે. -.- અમદાવાદ સ્થિત શૈલેષભાઈ ઓઝાના પુત્ર ઈશાનના લગ્ન મુંબઈ નિવાસી સંદીપભાઈ પુરોહીતનાં પુત્રી અદિતી સાથે. -.- હેમંતી ભૂતેષભાઈ વોરાના લગ્ન માંગરોળ નિવાસી નૈષધભાઈ પંડયાના પુત્ર જૈવિત સાથે.

તંત્રી સ્થાનેથી...

## જ્ઞાતિજનોની નારાજગીનો પડઘો...

રાજકોટ ખાતે દર વર્ષ મુજબ સ્વૈચ્છિક અનુદાનથી પાટોત્સવ ભોજન રાખવામાં આવેલ પરંતુ સખેદ નોંધ લેવી પડે છે કે કેટલાક વડીલ કાર્યકરો દ્વારા સ્વૈચ્છિક ફાળો આપી ભોજન પાસ લેવા આવનારને વધુ રકમ આપવાના સમાચાર જાણવા મળ્યા. (જેનો કેટલાકને વિરોધ પણ હશે) હકીકત છે કે મોંઘવારી વધતાં ખર્ચ વધેલ છે તેની જ્ઞાતિજનોએ નોંધ લેવા 'બરછી'માં પણ જણાવેલ હતું પરંતુ સ્વૈચ્છિક ફાળાની જાહેરાત પછી આ વાત કરવી તે યોગ્ય ખરૂં ? આર્થિક રીતે પહોંચી ન શકનાર જ્ઞાતિજનો 'નાત'માં જોડાવાથી વંચિત રહેશે અને તે સૌએ જ્ઞાતિથી દૂર રહેવું પડશે તેમ નથી લાગતું ?

આજે અનેક કારણોસર સંપર્ક ઘટી રહયા છે ત્યારે જ્ઞાતિબંધુઓ સુખ દુઃખના આદાન પ્રદાનના ઉદ્દેશથી તથા લગ્ન સમસ્યામાં સમાધાન શોધવા જેવા અનેક હેતુથી આવા પ્રસંગોમાં હાજરી આપતા હોય છે કાર્યકરોએ આ વાત ધ્યાનમાં રાખી વધારેમાં વધારે જ્ઞાતિજનો જોડાય તેવા પ્રયત્નો કરવાના હોય છે. નાત માટે દાતાઓ અનુદાન આ શુધ્ધભાવનાથી જ આપતા હોય છેને ? દર વર્ષે ભંડોળમાં પૂરાંત વધે છે તેનો ઉપયોગ પાટોત્સવ આયોજનમાં જ કરવામાં આવે તો કયારેક એક સમયે માત્ર સ્વૈચ્છિક અનુદાનથી ખરી 'નાત' અશકય નથી. વળી અનુદાનનો પ્રવાહ ચાલુ રહેશે અને દાતાઓનો પણ વિશ્વાસ જળવાઈ રહેશે.

ખર્ચને પહોંચી વળવા આગોતરા આયોજન કરી આર્થિક રીતે સધ્ધર દાતાઓ પાસેથી અનુદાનો મેળ વવાની નામાવલિ તૈયાર રાખવી, જે માટે અન્ય શહેરોની જેમ ફોર્મ તૈયાર કરી જ્ઞાતિજનોની સંખ્યા અને રકમ નિશ્ચિત કરી શકાય.(અમે -બરછી દ્વારા- ફોર્મ મોકલવા તૈયાર છીએ.) આજે તો સંસ્થાઓના કાર્યકરો વચ્ચેના પૂર્વગ્રહો ભૂંસાઈ રહયા છે ત્યારે એકબીજાના ભંડોળનો લાભ જ્ઞાતિને મળે તેવું પણ ન વિચારી શકાય ? ઉપરાંત ખર્ચ ઘટાડવા અલ્પાહાર રાખવો, ભોજનના મેનુમાં ઓછી વાનગી રાખવી, દર વર્ષે જુદા જુદા કેટરર્સના ભાવ મેળવવા તેવાં સૂચનો પણ અમને મળ્યાં. તેમજ પાટોત્સવ સમિતિની મીટીંગમાં હાજર રહેવા જ્ઞાતિજનોને જાણ કરી તેમની પાસેથી પણ સૂચનો મેળવી શકાય.

અમે તો કલમ ચલાવી નાખી હવે આ વિશે તમારાં મંતવ્ય લખી મોકલી શકો છો.

દરેક કાર્યકરોની નિષ્ઠાને સલામ સાથે...-તંત્રી)

## નવાં વર્ષનું લવાજમ રૂા. ૧૦૦/- રહેશે..

બરછીનું વર્ષ ફરી પૂર્ણતાને આરે આવી ગયું...ગત વર્ષ કરતાં પણ દરેકમાં સતત ભાવવધારો ચાલુ જ રહેલ હોઇ નવાં વર્ષનું લવાજમ **રૂા. ૧૦૦/-** રાખવાનું નકકી કરેલ છે.જૂલાઈ માસ દરમ્યાન પ્રતિનિધીઓને પહોંચ બુક મોકલી આપવામાં આવશે. આપના યોગ્ય નામ-સરનામે બરછી મળતું રહે અને અમારી પણ લવાજમ રીન્યુ કરવામાં સરળતા રહે તે માટે એડ્રેસ સ્લીપમાં પ્રિન્ટ થયેલો આપનો ગ્રાહકનંબર નોંધી લેવા અને પ્રતિનિધી મારફત, મ.ઓ., બેંક દ્વારા કે સીધું કાર્યાલયે લવાજમ ભરો ત્યારે આ ગ્રાહકનંબર અચૂક નોધવશો તેવી આગ્રહભરી વિનંતી છે. -તંત્રી.

## કુરિઅરમાં પૈસા મોકલશો નહીં

જ્ઞાતિજનોની સરળતા અર્થે પૈસા સલામત રીતે મળતા હોવાથી કુરિઅર-કવરમાં પૈસા મોકલવા અમે જ જણાવતા હતા પરંતુ તાજેતરમાં બે કવર માંથી પૈસા કાઢી લેવાના દાખલા બન્યા તેથી કુરિઅરમાં પૈસા ન મોકલવા વિનંતી છે. મનીઓર્ડરથી કે કોઈ સાથે રકમ મોકલવા વિનંતી છે. સમય !?- તંત્રી